પેજ 3

સમય રૈનાના પ્રેમમાં '12th Fail'ની મેધા શંકર?

મુંબઈ, તા. 29: સમય રૈના એક જાણીતા કોમેડિયન છે રૈના પોતાના સ્ટેન્ડ-અપ શોને લઈને ફરી એકવાર પાછો આવ્યો છે. તેમનો સ્ટેન્ડ-અપ સ્પેશિયલ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ કરવામાં આવે છે. સમય રૈનાના પુનરાગમન બાદ તેમના ફેન્સ ફરી એકવાર ખૂબ જ ખુશ થઈ ગયા છે. પરંતુ હવે આ દરમિયાન સમય રૈના પોતાની અંગત જિંદગીને લઈને ખૂબ જ ચર્ચાનો વિષય બન્યો છે. એવા સમાચાર આવી રહ્યા છે કે રૈના કોઈના પ્રેમમાં છે અને તેમની ગર્લફ્રેન્ડ કોઈ સામાન્ય છોકરી નથી, પરંતુ એક બોલિવૂડ અભિનેત્રી છે. હકીકતમાં તો સમય રૈનાનું નામ '12મી ફેલ'ની અભિનેત્રી મેધા શંકર સાથે જોડવામાં આવી રહ્યું છે. બંને ઘણી વખત સાથે પણ જોવા મળ્યા છે.

'હેરા ફેરી 3'થી અલગ થયા પ્રિયદર્શન

મુંબઈ, તા. 29: ફિલ્મ-ડિરેક્ટર પ્રિયદર્શન હવે કોમેડી ફિલ્મ 'હેરા ફેરી 3'નો ભાગ નથી. ફિલ્મના પ્રોડ્યુસર ફિરોઝ નડિયાદવાલા બાદ ખુદ પ્રિયદર્શને પણ આ વાતની પુષ્ટિ કરી છે. પ્રિયદર્શને જણાવ્યું હતું કે, તેઓ આ પ્રોજેક્ટથી અલગ થઈ ચૂક્યા છે. પ્રિયદર્શને એવી આશંકા પણ વ્યક્ત કરી છે કે, કેટલાય કાનૂની વિવાદો અને પરસ્પરના મતભેદોના કારણે આ ફિલ્મ કદાચ ક્યારેય સિનેમાઘરોમાં રિલીઝ જ નહીં થઈ શકે. ફિલ્મના રાઇટ્સ અને કાસ્ટને લઈને છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. પ્રિયદર્શને જણાવ્યું કે, પ્રોડ્યુસર ફિરોઝ નડિયાદવાલાએ જે કહ્યું છે, તે સાચું છે. હું આ સમયે 'હેરા ફેરી 3' સાથે જોડાયેલો નથી.

» ઓડિશાના પુરીમાં 12મી સદીના ઐતિહાસિક જગન્નાથ મંદિરે સોમવારે અસહ્ય ગરમી અને ભેજવાળા વાતાવરણ વચ્ચે લાખો શ્રદ્ધાળુઓએ ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના પવિત્ર સ્નાન ઉત્સવ 'સ્નાન યાત્રા' અને ત્યારબાદ ભગવાનના અલૌકિક 'ગજ વેશ'ના દર્શન કર્યા હતા. વાર્ષિક રથયાત્રા ઉત્સવની શરૂઆત આ સ્નાન યાત્રાથી જ થાય છે. જ્યેષ્ઠ પૂર્ણિમાના પવિત્ર અવસરે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ગર્ભગૃહમાંથી મૂર્તિઓને 'પહાંડી' સરઘસ સ્વરૂપે લાવી ઊંચા સ્નાન મંડપ પર બિરાજમાન કરાઈ હતી. સોનાકુઆ (સોનાના કૂવા)માંથી કાઢવામાં આવેલા પવિત્ર જળના 108 કલશ વડે ભગવાનને સ્નાન કરાવાયું હતું, જેમાં ભગવાન જગન્નાથને 35, બલભદ્રને 33, સુભદ્રાને 22 અને ચક્રરાજ સુદર્શનને 18 કલશ જળ ચઢાવાયું હતું.

'ગગન' સેટેલાઇટ સિસ્ટમની મદદથી ઇન્ડિગો વિમાનનું સફળ લેન્ડિંગ

ભારતમાં પ્રથમ વખત મોટા કોમર્શિયલ જેટનું સેટેલાઈટ દ્વારા લેન્ડિંગ

હવે ખરાબ હવામાન કે ઓછી વિઝિબિલિટી દરમિયાન પણ વિમાનો સુરક્ષિત રીતે લેન્ડ થઈ શકશે

રનવે પરના મોંઘા રેડિયો સિસ્ટમની જરૂર નહીં પડે અત્યારે માત્ર 5 દેશ-વિસ્તાર છે જ્યાં સેટેલાઈટ આધારીત લેન્ડિંગ થાય છે

નવી દિલ્હી, તા. 29: ભારતમાં હવે ખરાબ હવામાન કે ઓછી વિઝિબિલિટી દરમિયાન પણ વિમાનો સુરક્ષિત રીતે લેન્ડ થઈ શકશે. નાગરિક ઉડ્ડયન નિયામક ડીજીસીએ (DGCA)ની દેખરેખ હેઠળ 27 જૂનના રોજ ઈન્ડિગો એરલાઈન્સના એરબસ A-320 વિમાને સ્વદેશી 'ગગન' નેવિગેશન સિસ્ટમનો ઉપયોગ કરીને લેન્ડિંગ કર્યું હતું. ઈતિહાસમાં પહેલીવાર કોઈ મોટા કોમર્શિયલ જેટનું સફળ સેટેલાઈટ લેન્ડિંગ કરવામાં આવ્યું છે. ઈન્ડિગોએ અગાઉ 2022માં નાના એટીઆર (ATR) વિમાનો પર આ પરીક્ષણ કર્યું હતું.

ઈસરો (ISRO) અને એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા સંયુક્ત રીતે વિકસિત 'ગગન' (GPS Aided Geo Augmented Navigation) એ સેટેલાઈટ આધારિત પ્રણાલી છે. આ ટેક્નિક સામાન્ય સ્માર્ટફોન જીપીએસ (GPS) જેવી નથી, જે વાતાવરણની ખામીઓને કારણે વિમાન માટે પૂરતી સચોટ હોતી નથી. ગગન સિસ્ટમ જીપીએસ સિગ્નલોની ભૂલોને સુધારીને પાયલટોને 100 ટકા સચોટ અને સુરક્ષિત માહિતી પૂરી પાડે છે.આ ટેક્નિકથી દેશના નાના શહેરોના એરપોર્ટ્સ માટે મોટો ફાયદો થશે, જ્યાં અત્યંત મોંઘી ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ILS) અને ગ્રાઉન્ડ રેડિયો ઉપકરણો લગાવવા સક્ષમ ન હતા. હવે કોઈ પણ વધારાના એરપોર્ટ સાધનો વગર માત્ર આસમાનમાં રહેલા સેટેલાઈટની મદદથી ધુમ્મસ કે વરસાદમાં પણ પાયલટ સીધું અને સ્થિર લેન્ડિંગ કરી શકશે. એએઆઈ (AAI)એ દેશના વિવિધ એરપોર્ટ પર આવી 23 સેટેલાઈટ ગાઈડેડ પદ્ધતિઓ શરૂ કરી દીધી છે, જે આ વર્ષના અંત સુધીમાં 40ને પાર પહોંચશે. આ સિસ્ટમ આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબની હોવાથી ઈંધણની બચત સાથે એર ટ્રાફિક મેનેજમેન્ટ વધુ સારું બનશે.

પૂણેમાં ૩ વર્ષની બાળકી પર બળાત્કાર હત્યા કેસમાં ૬૫ વર્ષના નરાધમને ફાંસી

ભીમરાવ કાંબલેએ 3 વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારી તેની હત્યા કરી હતી

ગુનાના માત્ર 60 દિવસની અંદર કોર્ટે સંભળાવ્યો ચુકાદો

પૂણે, તા. 29 (પીટીઆઈ): મહારાષ્ટ્રના નસરાપુર ગામમાં 3 વર્ષની બાળકીના અપહરણ, બળાત્કાર અને હત્યાના સનસનાટીભર્યા કેસમાં પૂણેની વિશેષ કોર્ટે સોમવારે 65 વર્ષના આરોપી ભીમરાવ કાંબલેને ફાંસીની સજા ફટકારી છે.

આ ભયાનક ગુનાએ સમગ્ર મહારાષ્ટ્રમાં ભારે જનઆક્રોશ અને વિરોધ પ્રદર્શનો જગાવ્યા હતા. એડિશનલ જજ એસ. આર. સાળુંખેએ આ કેસને 'રેરેસ્ટ ઓફ ધ રેર' (દુર્લભમાં દુર્લભ) ગણાવીને ઉંમરના આધારે દયા રાખવાની બચાવ પક્ષની દલીલને ફગાવી દીધી હતી, અને નોંધ્યું હતું કે આરોપીની ક્રૂરતાએ ન્યાયતંત્ર અને સમાજના અંતરાત્માને હચમચાવી દીધો છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ચુકાદાને આવકારતા કહ્યું હતું કે આવા ગુનેગારોને સમાજમાં જીવવાનો કોઈ અધિકાર નથી અને રેકોર્ડ સમયમાં તપાસ કરવા બદલ પોલીસ અને પ્રોસિક્યુશનની પ્રશંસા કરી હતી.

આ ગુનો 1 મેના રોજ થયો હતો અને કોર્ટે માત્ર 60 દિવસની અંદર 25 જૂનના રોજ આરોપીને દોષિત ઠેરવ્યો હતો. આરોપીએ બાળકીને નાસ્તો આપવાની અને વાછરડું બતાવવાની લાલચ આપી પશુઓના તબેલા નજીક લઈ જઈને અમાનુષી અત્યાચાર કર્યો હતો અને તેની હત્યા કરી દીધી હતી.

પ્રોસિક્યુશને કોર્ટમાં દલીલ કરી હતી કે આરોપી અગાઉ પણ 62 વર્ષની મહિલા, 17 વર્ષની સગા સંબંધી અને પશુ સાથેના ગુનાઓમાં સામેલ રહ્યો છે, જેથી તે સુધરી શકે તેમ નથી. કોર્ટે અવલોકન કર્યું કે આ ઉંમરે પણ આરોપીની વાસના શાંત થઈ નથી પરંતુ વધુ ખતરનાક સ્તરે પહોંચી છે. ટ્રાયલ દરમિયાન કોર્ટે એક જ દિવસમાં 10 સાક્ષીઓના નિવેદનો નોંધ્યા હતા અને તમામ આરોપો સાબિત કર્યા હતા. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને સુનેત્રા પવારે પણ આ ઐતિહાસિક ચુકાદાને બિરદાવ્યો હતો અને કહ્યું હતું કે આ ચુકાદાથી ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ મજબૂત થયો છે.

રસ્તાઓ ખરાબ હોય તો ટોલ ટેક્સ વસૂલવો એ સેવામાં ખામી, NHAIને દંડ

નાગપુર આયોગે ખાડાને લીધે કારને નુકસાન થતાં વાહન ચાલકને વળતર ચૂકવવા આદેશ કર્યો

નાગપુર, તા. ૨૯: મહારાષ્ટ્રના નાગપુર સ્થિત એક ગ્રાહક આયોગે ચુકાદો આપ્યો છે કે રસ્તાઓની યોગ્ય જાળવણી સુનિશ્ચિત કર્યા વિના ટોલ ટેક્સ વસૂલવો એ સેવામાં ખામી સમાન છે. અહેવાલ મુજબ, આયોગે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા(NHAI)ને એક વાહન ચાલકને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે, જેમના વાહનને રસ્તા પરના ખાડાઓને કારણે નુકસાન થયું હતું. આ મહિનાની શરૂઆતમાં પસાર કરાયેલા એક આદેશમાં, જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગ, નાગપુરે જણાવ્યું હતું કે, ટોલ ટેક્સ વસૂલ કરીને સુરક્ષિત અને વાહન ચલાવવા યોગ્ય રસ્તો પૂરો પાડવો એ ટોલ વસૂલ કરતી કંપની/સત્તામંડળની જવાબદારી છે. તેણે વધુમાં ઉમેર્યું કે, ટોલ વસૂલવો અને ખરાબ રસ્તો આપવો એ સેવામાં ખામી છે.

અમરનાથ યાત્રાની શાસ્ત્રોક્ત શરૂઆત

જમ્મુ-શ્રીનગર, તા. 29 (પીટીઆઈ): સોમવારે જમ્મુ અને પવિત્ર અમરનાથ ગુફા ખાતે 'પ્રથમ પૂજા' નું આયોજન કરવામાં આવ્યું હતું જે વાર્ષિક અમરનાથ યાત્રાની શાસ્ત્રોક્ત શરૂઆતનું પ્રતિક છે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ પવિત્ર ગુફા મંદિરે પરંપરાગત ધાર્મિક વિધિઓ કરી બાબા બર્ફાનીના આશીર્વાદ લીધા હતા અને દેશની શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ વર્ષે શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ દ્વારા જ્યેષ્ઠ પૂર્ણિમાના અવસરે આ પૂજા યોજાઈ હતી. આ સાથે જ પ્રથમ વખત જમ્મુ શહેરમાં તાવી નદીના કિનારે એક ભવ્ય 'મહાયજ્ઞ'ના ભાગરૂપે પણ પ્રથમ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સાધુ-સંતો અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ આગામી વાર્ષિક યાત્રા 3 જુલાઈથી સત્તાવાર રીતે શરૂ થવાની છે, જે 57 દિવસ સુધી ચાલશે અને 28 ઓગસ્ટના રોજ રક્ષાબંધનના દિવસે પૂર્ણ થશે.

CBSEએ ધોરણ ૭થી ૯ના વિદ્યાર્થીઓ માટે ભાષા નીતિમાં આપી મોટી છૂટ

હાલના વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦માં ત્રીજી ભાષાની બોર્ડ પરીક્ષા નહીં આપવી પડે, શાળાઓ માત્ર આંતરિક મૂલ્યાંકન કરશે

હાલના ધોરણ ૬ના વિદ્યાર્થીઓ જ્યારે ધોરણ ૧૦માં પહોંચશે, ત્યારે તેમણે ત્રીજી ભાષાની બોર્ડ પરીક્ષા આપવી ફરજિયાત રહેશે

નવી દિલ્હી, તા. 29: કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) એ જાહેરાત કરી છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જૂની બે ભાષાની પ્રણાલી જ ચાલુ રહેશે અને તેમણે કોઈ ત્રીજી ભાષા ભણવી પડશે નહીં. આ ઉપરાંત, હાલમાં ધોરણ ૭, ૮ અને ૯માં ભણતા વિદ્યાર્થીઓ જ્યારે ધોરણ ૧૦માં જશે, ત્યારે તેમણે બોર્ડની પરીક્ષામાં ત્રીજી ભાષાની પરીક્ષા આપવાની રહેશે નહીં. આ ત્રીજી ભાષાનું મૂલ્યાંકન શાળા સ્તરે આંતરિક આકારણી દ્વારા જ કરવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) મુજબ ત્રણ ભાષાઓ ભણવાની ભલામણ છે, જેમાંથી ઓછામાં ઓછી બે ભારતીય ભાષાઓ હોવી અનિવાર્ય છે. બોર્ડે વર્તમાન બેચને વન-ટાઈમ છૂટછાટ આપતા જણાવ્યું છે કે, જે વિદ્યાર્થીઓએ અગાઉથી જ બે વિદેશી/બિન-ભારતીય ભાષાઓ પસંદ કરી લીધી છે, તેમણે ફક્ત એક વધારાની ભારતીય ભાષા ઉમેરવાની રહેશે. જોકે, હાલના ધોરણ ૬ના વિદ્યાર્થીઓ જ્યારે ધોરણ ૧૦માં પહોંચશે, ત્યારે તેમણે ત્રીજી ભાષાની બોર્ડ પરીક્ષા આપવી ફરજિયાત રહેશે. ભારત બહાર આવેલી સીબીએસઈ શાળાઓ અને ભારત પરત ફરતા વિદેશી વિદ્યાર્થીઓને ત્રીજી ભાષા તરીકે ભારતીય ભાષા ભણવામાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે.

મોદી આજે તમામ કેન્દ્રીય સચિવો સાથે બેઠક કરશે

નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે તમામ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોના સચિવોની એક મહત્વની બેઠક બોલાવી છે. આ બેઠકમાં લોકોના જીવનને સરળ બનાવવા અને વેપાર-ધંધાને સરળ કરવા (ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ) માટે લેવાયેલા વિવિધ સુધારાત્મક પગલાંની સમીક્ષા કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક સચિવો પોતપોતાના મંત્રાલયોની કામગીરી અને જનહિતની યોજનાઓની પ્રગતિ અંગે પ્રેઝન્ટેશન પણ રજૂ કરશે.

KALAMANDIR YOUR FAVOURITE JEWELLERY DESTINATION

કલામંદિર નો સ્માર્ટ ભાવ

22KT દાગીનાનો ભાવ ₹12,983 પ્રતિ ગ્રામ

+ 7% ની ઘડામણ ₹909 પ્રતિ ગ્રામ

ફક્ત 7%

આજનો સ્માર્ટ ભાવ મજૂરી સહીત ₹13,892 પ્રતિ ગ્રામ +GST

MUMBAI | AHMEDABAD | SURAT | VAPI | BHARUCH | KOSAMBA

CONTACT NO. +91 95109 70230 | 80000 36001

પોલકી | એન્ટિક | પ્લેન

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રિક્ટ, ચોર્યાસી સબડિસ્ટ્રિકટના મોજે ગામ ઉધનાના રેવન્યુ સર્વે નં.૨૫૩ પૈકી થી નોંધાયેલી જમીનમાં આયોજીત **"ઓમશ્રી સાંઈ જલારામનગર(સુચિત)"** માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૯૭** વાળી બાંધકામ સહિતની મિલકત, જે પ્લોટની પહોળાઈ ૧૪ ફૂટ બાય ૪૫ ફૂટ લંબાઈ છે. જેનો મ્યુ. દફતરે **ટેનામેન્ટ નં. ૨૭૬-૦૯-૭૦૭૧-૦-૦૦૧** છે. તે વિગતની મિલકત **મર્હુમ બાબુભાઈ ડાહયાભાઈ ઉર્ફે ડાયાભાઈ ખાચરીયા ના સીધીલીટી ના વારસદારો ૧. દિવાલીબેન બાબુભાઈ ખાચરીયા, ૨. સુનિલભાઈ બાબુભાઈ ખાચરીયા, ૩. ઉપેન્દ્રભાઈ બાબુભાઈ ખાચરીયા અને ૪. અનિલભાઈ બાબુભાઈ ખાચરીયા** ઓએ પોતાની માલિકી અને પ્રત્યક્ષ કબજા, ભોગવટા તેમજ વપરાશમાં હોવાનું, તેમજ સદરહુ મિલકતના ટાઈટલ કોઈપણ જાતના બોજારહિત, ચોક્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે અને જેના અનુસંધાને ટુંક સમયમાં તેમની પાસેથી મારા અસીલ સદરહુ મિલકતનો કબજા સહિતનો વેચાણ કરાર યાને કબજા રસીદ કરાવી લેનાર છે.

સદરહુ પ્લોટ નંબર : ૯૭ વાળી મિલકત મુળ માલીક હોમાયુબેન સોરાબજી ઉધનાવાળા વિગેરે પાસેથી ગૌરીબેન મોહનલાલએ કબજા રસીદથી વેચાણ રાખેલ. ત્યારબાદ સદરહુ મિલકત તેઓ પાસેથી મેહુલભાઈ ઘનશ્યામભાઈ પટેલએ કબજા રસીદથી વેચાણ રાખેલ. ત્યારબાદ સદરહુ મિલકત તેઓ પાસેથી બાબુભાઈ ડાહયાભાઈ ખાચરીયાએ કબજા રસીદથી વેચાણ રાખેલ. ત્યારથી સદરહુ મિલકતના બાબુભાઈ ડાહયાભાઈ ખાચરીયા સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલા અને ચાલી આવેલા. **પરંતુ સદરહુ મિલકતના માલીકના જણાવ્યા મુજબ અગ્રહક્કધારી ગૌરીબેન મોહનલાલ ની અસલ કબજા રસીદ ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતી નથી.**

આ હકીકતમાં મજકુર અસલ કબજા રસીદ કે સદરહુ મિલકત બાબતે કોઈપણ બેંક કે નાણાંકીય સંસ્થા કે વ્યક્તિના કોઈપણ જાતના હક્ક-હિત, સંબંધ યા લાગ-ભાગ હોય, તેમજ મજકુર વેચાણના વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિન-૧૫** માં તેવા વાંધા, હક્ક-હિત સંબંધે કે લાગ-ભાગ અંગે પુરાવા સહિત અમોને લેખિતમાં જાણ કરવી. ઉપરોક્ત મુદ્દતમાં જો તેવા વાંધો કે તકરાર આવશે નહીં તો કોઈને મજકુર વ્યવહાર સંબંધે કે મિલકત સંબંધે કોઈ હક્ક-હિત, લાગ-ભાગ, વાંધો કે તર-તકરાર નથી અને હોય તો તે જતા કરેલ હોવાનું માની લઈ મારા અસીલ સદરહુ મિલકતનો કબજા સહિતનો વેચાણ કરાર યાને કબજા રસીદ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. તેની આથી લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફિસ :જી-૧, ઓમ શાંતિ એપાર્ટમેન્ટ, પ્લોટ નં. સી/૮૭, આશાપુરી સોસાયટી-૧, બમરોલી રોડ, ઉધના - પાંડેસરા, સુરત. મો.નં. ૯૫૩૭૧૦૨૩૦૮

નિમેષ આર. પ્રજાપતિ
તે ખરીદનારના એડવોકેટ એન્ડ નોટરી

યુપીમાં તાલીમી વિમાન ક્રેશ, મહિલા પાઈલટ સુરક્ષિત

નવી દિલ્હી, તા. ૨૯ (પીટીઆઈ) ઉત્તર પ્રદેશના કાસગંજમાં એક ખેતરમાં તાલીમી વિમાનનું ક્રેશ-લેન્ડિંગ થયું હતું અને આ વિમાન ચલાવી રહેલી ૨૮ વર્ષીય મહિલા તાલીમી પાઈલટ સુરક્ષિત છે. એમ એવિએશન વોચડોગ ડીજીસીએએ જણાવ્યું છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) આ ઘટનાની તપાસ કરી રહ્યું છે. નિયામકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અલીગઢમાં સોલો ફ્લાઈંગ કરી રહેલા ચેતક એવિએશનનું સેસ્ના ૧૫૨ એરક્રાફ્ટ વીટી-એએફબી કાસગંજના એક ખેતરમાં ક્રેશ-લેન્ડ થયું હતું. તાલીમી પાઈલટ સુરક્ષિત હોવાના અહેવાલ છે." ડીજીસીએના જણાવ્યા અનુસાર, ચેતક એવિએશને માહિતી આપી છે કે, એરક્રાફ્ટ એક્સપ્રેસ-વેની બાજુમાં લેન્ડ થયું હતું અને પાઈલટ સુરક્ષિત તથા હેમખેમ છે. સેસ્ના ૧૫૨ એ સિંગલ-એન્જિન, ટુ-સીટર એરક્રાફ્ટ છે, જેનો ઉપયોગ મુખ્યત્વે તાલીમ પ્રવૃત્તિઓ માટે થાય છે. સોમવારે બનેલી આ ઘટના, છેલ્લા ચાર દિવસમાં ઉત્તર પ્રદેશમાં ટ્રેનર એરક્રાફ્ટ સાથે સંકળાયેલી બનેલી આવી ઓછામાં ઓછી બીજી ઘટના છે. ૨૬ જૂનના રોજ કાનપુર એરપોર્ટ પર ટ્રેનર એરક્રાફ્ટના ચાલુ પ્રોપેલરની અડફેટે આવતાં એક તાલીમી પાઈલટને ઈજાઓ થઈ હતી. ડીજીસીએએ રવિવારે જણાવ્યું હતું કે, આ ઘટના તાલીમી પાઈલટ ટ્વિન-એન્જિન ટેકનમ પી2006ટી એરક્રાફ્ટ વીટી-એનબીવીમાંથી નીચે ઉતર્યા બાદ બની હતી અને તપાસ બાકી હોવાથી સંબંધિત ઈન્સ્ટ્રક્ટરને ફ્લાઈંગ ટ્રેનિંગ ડ્યુટીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. નિયામક આ ઘટનાની તપાસ કરી રહ્યું છે.

પ્રાઈમ કો-ઓપરેટીવ બેન્ક લી.
શીડ્યુલ બેંક

PRIME BANK

પ્લોટ નં.બી-૧૨૩, રોડ નં.૯, ઉદ્યોગનગર ઉધના, સુરત-૩૯૪૨૧૦.ફોન : ૨૮૦૪૭૭૭
Website : www.prime.bank.in, E-mail : admin@prime.bank.in

આથી સભાસદોને વિદિત થાય કે, બેન્કના સભાસદોની ૩૩ મી વાર્ષિક સાધારણ સભા શુક્રવાર તા.૧૭-૦૭-૨૦૨૬નાં રોજ સાંજે ૪-૩૦ કલાકે એસ.એમ.સી. પરફોર્મીંગ આર્ટ સેન્ટર (કોમ્યુનીટી હોલ), એલ.પી.સવાણી રોડ, હરીઓમ સર્કલ નજીક, પાલગામ, સુરત ખાતે મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી,

સુરત.
તા.૨૯-૦૬-૨૦૨૬

આદિલ ગાંધી
મેનેજીંગ ડિરેક્ટર

નોંધ : વીસમી વાર્ષિક સાધારણ સભામાં સર્વાનુમતે નક્કી થયા મુજબ વાર્ષિક અહેવાલ બેંકની નજીકની શાખામાંથી મેળવી શકશો. ઉપરાંત બેંકની વેબસાઈટ પરથી પણ મેળવી શકશો.

જાહેર ખબર
ધી પાલ ગૃપ કો-ઓ. કોટન સેલ સોસાયટી લી.
જહાંગીરપુરા જીન, રાંદેર, સુરત.

આથી મંડળીના તમામ સભાસદોને ખબર આપવામાં આવે છે કે મંડળીએ સ્વીકારેલ ચૂંટણીના નિયમોનુસાર સને ૨૦૨૧ થી ૨૦૨૬માં ચૂંટાયેલા પ્રમુખશ્રી તથા તમામ વિભાગના સભ્યશ્રીઓ ફારેગ થતાં હોય જેની ચૂંટણી કરવાની થાય છે. મંડળીના પેટા નિયમો અને ચૂંટણીના નિયમોનુસાર સને ૨૦૨૬ થી સને ૨૦૩૧ ના ૫ વર્ષ માટે મંડળીના પ્રમુખશ્રી તથા મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રીઓની સામાન્ય ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ મંડળીના નોટીસ બોર્ડ ઉપર જહાંગીરપુરા ઓફિસે મુકવામાં આવેલ છે જે મંડળીના ઓફિસ સમય સવારે ૧૦=૦૦થી સાંજે ૫=૦૦ કલાક દરમ્યાન જોઈ શકાશે.

આપનો વિશ્વાસુ
શ્રી કે. એમ. પટેલ
(ચૂંટણી અધિકારી)
ધી પાલ ગૃપ કો-ઓ. કોટન સેલ સોસાયટી લી.
જહાંગીરપુરા જીન, રાંદેર, સુરત.

સ્થળ : જહાંગીરપુરા, રાંદેર, સુરત.
તા:-૧૭/૦૬/૨૦૨૬

પંજાબ નેશનલ બેંક punjab national bank
...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

મજુરા શાખા : ગ્રાઉન્ડ ફ્લોર, ઈન્દ્રલોક એપાર્ટમેન્ટ, ભટાર ચાર રસ્તા, સુરત-૩૯૫૦૧૭
email: bo0791@pnb.bank.in

પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] **કબજા નોટીસ** (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, મજુરા શાખા ગ્રાઉન્ડ ફ્લોર, ઈન્દ્રલોક એપાર્ટમેન્ટ, ભટાર ચાર રસ્તા, સુરત-૩૯૫૦૧૭** ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શનઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩(૧૨) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૩ ના ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૦૨/૦૪/૨૦૨૬** ના રોજ હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર/એક માલિકી પેઢી, મેસર્સ પરીશ્રમ એન્ટરપ્રાઈઝ ના માલિક શ્રીમતી અનિતાબેન રાકેશભાઈ પટેલ, જામીનદારો શ્રી રાકેશભાઈ અમરતભાઈ પટેલ અને શ્રી નરેશભાઈ ચુનીલાલ પટેલ** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૦,૦૬,૩૨૯.૨૦/- (અંકે રૂા. દસ લાખ છ હજાર ત્રણસો ઓગણત્રીસ અને વીસ પૈસા પુરા) તા.૩૧/૦૩/૨૦૨૬** ના રોજના કરાર આધારિત દરે વધારાનું વ્યાજ આ નોટીસ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોક્ત નિયમો અંતર્ગત આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) ના ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૨૪મી જુન ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો **સાંકેતિક કબજો** મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૧૦,૦૬,૩૨૯.૨૦/- (અંકે રૂા. દસ લાખ છ હજાર ત્રણસો ઓગણત્રીસ અને વીસ પૈસા પુરા) તા.૩૧/૦૩/૨૦૨૬** ના રોજના તેના પર વધારાનું વ્યાજ ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતો સ્થાયી મિલકત કે જે **'આર્શીવાદ કુંજ'** તરીકે ઓળખાતી હાઉસીંગ સોસાયટી નો **પ્લોટ નં. ૬૮ અને ૬૯** એરીયા માપ આશરે ૮૦.૨૭ ચો.મી વણવહેચાયેલ પ્રમાણસર હિસ્સા સહિત કોમન રોડ, અને સીઓપી જમીન ફાઈનલ પ્લોટ નં.૪૭ ટી.પી.એસ નં.૨૮ (અલથાણ -ભટાર) રેવન્યુ સર્વે નં.૪૦, તેનો બ્લોક નં.૪૭, મોજે ગામ.અલથાણ, સીટી સુરત, જૂનો તાલુકા. સુરત સીટી (ચોર્યાસી) અને નવો તાલુકા.મજુરા, જી.સુરત, ખાતે આવેલ છે. જેની ચતુંદિશા : **પુર્વ તરફ :** જોડેની મિલકત, **પશ્ચિમ તરફ :** પ્રવેશ અને રોડ, **ઉત્તર તરફ :** પ્લોટ નં.૭૦, **દક્ષિણ તરફ :** પ્લોટ નં. ૬૭

તારીખ : ૨૪.૦૬.૨૦૨૬ | સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા (નિયમ ૩) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તા હેઠળ ડીમાન્ડ નોટીસ બજાવીને અહીં નીચે જણાવેલ દેવાદાર/સહદેવાદાર અને જામીનદારો ને નોટીસમાં દર્શાવેલ રકમ વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત સંપૂર્ણ ચુકવણી આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/સહદેવાદારો/જામીનદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/સહદેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની ૧૩ની પેટા કલમ (૪) એક્ટના રૂલ ૮ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

લોન ખાતા નંબર	દેવાદારો/સહદેવાદારો અને જામીનદારોના નામ	ગીરવે મુકેલી સ્થાઈ મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસની તારીખ	ડીમાન્ડ નોટીસની બાકી (રૂા.) રકમ	કબજાનો પ્રકાર અને કબજો લીધાની તારીખ
૧૬૧૮૯૫૫૨	૧.રાહુલ નટવરલાલ કોસંબ્બીયા ૨.ધર્મેશ નટવરલાલ કોસંબ્બીયા ૩. જયશ્રીબેન એન. કોસંબ્બીયા	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રેવન્યુ સર્વે નં. -૮૫ પૈકી પ્લોટ નં.૪.૫ માપ ૩૩.૮૬ ચો.મી. ઈચ્છાબા સોસાયટી મોજે ઉધના સીટી સુરત, સબ ડિસ્ટ્રીક્ટ ચોર્યાસી, જિલ્લા સુરત ગુજરાત-૩૯૪૨૧૦ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** માનર્સીગ ભાઈ ની મિલકત, **પશ્ચિમ તરફ :** રેલ્વે કોલોની ની બાઉન્ડ્રી, **ઉત્તર તરફ :** દલપતભાઈ ની મિલકત, **દક્ષિણ તરફ :**માનર્સીગ ભાઈ ની મિલકત આવેલ છે.	૧૩.૦૪.૨૦૨૬	રૂા. ૧૮,૫૭,૯૪૯.૭૬	૨૫.૦૬.૨૦૨૬ કબજો
૧૯૦૭૭૩૭૫	૧.જયંતીલાલ પરમાર ૨. કુકાડી ઓટારામ ૩. ઓટારામ ચુનારામ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શ્રી રામકિષ્ણા રેસીડન્સી-૧, નો પ્લોટ નં. ૫૬, માપ ૬૦.૨૦ ચો.મી એટલે કે ૭૨.૦૦ ચો.વાર (સાઈટ મુજબ) અને માપ ૫૫.૮૭ ચો.મી(પાસ થયેલ પ્લાન મુજબ) નો ખુલ્લો પ્લોટ ૩૦.૬૩ ચો.મી ના રોડ અને સી.ઓ.પી.ની જમીન ના વણવહેચાયેલ હિસ્સા સહિત નુ ડેવલોપમેન્ટ જમીન બ્લોક નં.૨૩૦,૨૩૧,૨૩૨,૨૩૩,૨૩૪,૨૩૫,૨૩૬,૨૩૮,૨૪૦, ૨૪૫,૨૪૬ એકી કરણ પછી નવો બ્લોક નં. ૨૩૦ અને બ્લોક ૨૪૧ મોજે મોતા. સબડિસ્ટ્રીક્ટ અને તાલુકા બારડોલી જિલ્લા સુરત,ગુજરાત-૩૯૪૩૪૫ અને આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** પ્લોટ નં. ૫૫, **પશ્ચિમ તરફ :** સોસાયટી નો આંતરીક રોડ, **ઉત્તર તરફ :** પ્લોટ નં. ૫૭, **દક્ષિણ તરફ :** સોસાયટી નો આંતરીક રોડ આવેલ છે.	૧૩.૦૪.૨૦૨૬	રૂા. ૧૧,૩૨,૩૧૨.૪૨	૨૫.૦૬.૨૦૨૬ કબજો
૨૦૭૯૩૮૨૫	૧.પીન્ટુભાઈ રમેશભાઈ રાઠોડ ૨. હસુબેન રાઠોડ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શીવધારા રેસીડન્સી નો પ્લોટ નં. ૦૫ (મંજૂર થયેલ પ્લાન મુજબ પ્લોટ નં.એ/૫) માપ ૧૨X૪૦ ફૂટ એટલે કે ૫૩.૩૩ ચો.વાર એટલેકે ૪૪.૬૨ ચો.મીટર (પાસ થયેલ પ્લાન મુજબ માપ ૪૪.૬૨ ચો.મી) નો ખુલ્લો પ્લોટ ૩૦.૪૮ ચો.મી ના રોડ અને સી.ઓપી ની જમીન ના વણવહેચાયેલ હિસ્સા સહિત કુલ માપ ૭૫.૧૦ ચો.મી જેનુ ડેવલપમેન્ટ જમીન રવન્યુ સર્વે નં. ૩૪૮ બ્લોક ૩૬૪, મોજે ગામ કરેલી સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા પલસાણા જી.સુરત, ગુજરાત રાજ્ય-૩૯૪૩૧૫ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** પ્લોટ નં. ૨૮, **પશ્ચિમ તરફ :** સોસાયટી આંતરીક રોડ, **ઉત્તર તરફ :** પ્લોટ નં. ૬, **દક્ષિણ તરફ :**પ્લોટ નં. ૪	૩૦.૦૩.૨૦૨૬	રૂા. ૧૦,૬૯,૨૬૬.૬૦	૨૫.૦૬.૨૦૨૬ કબજો

ખાસ કરીને દેવાદારો /સહદેવાદારો / જામીનદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની અહીં નીચે દર્શાવેલ રકમ કરાર આધારિત વ્યાજને આધીન રહેશે.

તારીખ : ૨૫.૦૬.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)

કણબી લોક સિવાયના ગામ સમસ્ત ઉમરા (અઠવા) ટ્રસ્ટ
ટ્રસ્ટ નોંધણી નં. ઈ/૧૫૫૫/સુરત

(ચૂંટણી જાહેરનામું/ચૂંટણી કામગીરીનો એજન્ડા)

કણબી લોક સિવાયના ગામ સમસ્ત ઉમરા (અઠવા) ટ્રસ્ટ, ઈ/૧૫૫૫/સુરત અંગે સંયકુત ચેરિટી કમિશનરશ્રી સુરતના અરજી નં. ૪૧(એ)૧૩/૨૦૨૪ના કામે તા.૧૫/૦૫/૨૦૨૬ના હુકમ મુજબ નાયબ ચેરીટી કમિશનર, સુરત કચેરીના નિરિક્ષકશ્રી રોનક શાહ અને ધવલ કેવડીયાની નિમણૂંક ટ્રસ્ટના બંધારણની જોગવાઈ મુજબ ટ્રસ્ટીઓની અનુગામી નિમવાની રીત મુજબ ટ્રસ્ટીઓ નિમવાની કાર્યવાહી સારૂ ચૂંટણી અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવેલ છે. જેથી ચૂંટણી અધિકારી તરીકે ચૂંટણી જાહેરનામું/ચૂંટણી કામગીરીનો એજન્ડાથી કણબી લોક સિવાયના ગામ સમસ્ત ઉમરા (અઠવા) ટ્રસ્ટના તમામ નોંધાયેલા સભ્યોને જાણ કરવામાં આવે છે કે ટ્રસ્ટની અનુગામી ટ્રસ્ટી નીમવાની રીત મુજબ ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું છે. ચૂંટણી અંગેનો વિગતવાર કાર્યક્રમ સ્થળની માહિતી નીચે મુજબ જાહેર કરવામાં આવે છે. (ચૂંટણી અંગેના નિયમો/જરૂરી સુચનાઓ જે ચૂંટણી અધિકારી દ્વારા તૈયાર કરેલ છે અને ટ્રસ્ટના બંધારણની નકલ અને સભ્યોની યાદી ટ્રસ્ટના કાર્યલય ખાતે લગાવેલ છે જે ઉમેદવારે ઉમેદવારી નોંધાવતા પહેલા વાંચી લેવા અને પાલન કરવા અંગેની સંમતી આપ્યા પછી જ ઉમેદવારી નોંધાવવી)

:: ચૂંટણી કાર્યક્રમ ::

ક્રમ	વિગત	તારીખ અને સમય
૦૧	ઉમેદવારી ફોર્મ મેળવવાની તથા ઉમેદવારી ફોર્મ ભરી પરત જમા કરાવવાની તારીખ અને સમય	તા.૦૬/૦૭/૨૦૨૬ (૦૮.૩૦ થી ૧૨.૩૦)
૦૨	ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાની તારીખ અને સમય	તા.૦૬/૦૭/૨૦૨૬ (૧૩.૦૦ થી ૧૩.૩૦)
૦૩	ઉમેદવારોની આખરી યાદી રજુ કરવાની તારીખ અને સમય	તા.૦૬/૦૭/૨૦૨૬ (૧૬.૦૦ કલાકે)
૦૪	મતદાનની તારીખ અને સમય	તા.૦૮/૦૭/૨૦૨૬ (૧૦.૦૦ થી ૧૫.૦૦)
૦૫	મતગણતરી તારીખ અને સમય	તા. ૦૮/૦૭/૨૦૨૬ (૧૬.૦૦ કલાકથી મતગણતરી પૂર્ણ થાય ત્યા સુધી)
૦૬	ચૂંટણીનું પરિણામ	મતગણતરી પૂર્ણ થયા પછી તુરંત

નોંધ: ફોર્મ ચકાસણી અને ફોર્મ પરત ખેંચયા પછી ટ્રસ્ટી મંડળ માટેની ઉમેદવારીની આખરી યાદીમાં ઉમેદવારોની સંખ્યા ખારવા પૈકી ૬, હળપતી હરીજન પૈકી-૨ અને બ્રાહ્મણ પૈકી-૧ રહેશે તો ચૂંટણી કામગીરીમાં મતદાનની પ્રક્રીયા કરવાની થશે નહી અને તેમની ટ્રસ્ટી મંડળ તરીકે નીમણૂંક કરવામાં આવશે અને જેમાં ઉમેદવારીની આખરી યાદીમાં ઉમેદવારોની સંખ્યા નિર્ધારીત કરેલ સંખ્યા કરતા વધુ થશે તેમાં જ મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.

:: ચૂંટણીનું સ્થળ :: કણબી લોક સિવાય ગામ સમસ્ત ઉમરા ટ્રસ્ટનું કાર્યાલય, ફા.પ્લોટ નં. ૧૬૫, S.V.N.I.T ની સામે, ઈચ્છાનાથ, ઉમરા, સુરત.

- ઉમેદવારી ફોર્મ ઉપર દર્શાવિલ સ્થળ ખાતેથી નિયત સમય દરમિયાન મેળવી શકશે અને નિયત ટેકેદારોની સહી કરાવીને ત્યા જ જમાં કરાવવાનું રહેશે. તથા ટેકેદારના પાસપોર્ટ સાઈઝ ફોટો અને ઓળખનો પુરાવો રજુ કરવો.
- મતદાન કરવા આવનાર દરેક સભ્યોએ પોતાની પાસે અસલ ઓળખપત્ર સાથે રાખવું ફરજીયાત છે.
- ઉમેદવારી નોંધાવા ઈચ્છતા સભ્યો પોતાની પાસે પાસપોર્ટ સાઈઝના ૨ ફોટા તથા જરૂરી ઓળખનો પુરાવો સાથે રાખવો
- ચૂંટણી સંબંધીત આખરી નીર્ણય ચૂંટણી અધિકારીનો રહેશે.

સ્થળ સુરત તારીખ : ૨૯/૦૬/૨૦૨૬

(રોનક શાહ)
ચૂંટણી અધિકારી તે નિરિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, સુરત.

(ધવલ કેવડીયા)
ચૂંટણી અધિકારી તે નિરિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, સુરત.